ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમની નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૦૨૨માં સફાઈ કામદારો અને તેમના આશ્રિતોના પુન:સ્થાપન માટે SCW-12, વહીવટી ગ્રાંટ SCW-15 ની બાકીની ગ્રાંટની ફાળવણી કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: SCW/૧૦૨૦૧૧/૪૮૨૨૨૪/ગ
સચિવાલય,ગાંધીનગર
તા. ૨૪/૧૧/૨૦૨૧

વંચાણે લીધા:

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૫/૦૫/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક:બજટ/૧૦૨૦૨૦/૩૦૯/બ

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.03/૦૯/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક:SCW/102011/482224/ગ

(૩) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૧૬/૧૧/૨૦૨૧નો પત્ર ક્ર:અજાક/છ-૫/૨૦૨૧/૫૨૫૧-૫૨૫૨

આમુખ :

વંચાણે લીધેલ ક્રમાંક : (૧) પરના વિભાગના તા.૦૫/૦૫/૨૦૨૧ ના ઠરાવથી ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગરને નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માં SCW-12 સફાઈ કામદારો અને તેમના આશ્રિતોના પુન: સ્થાપન માટે રૂ.૧૩00.00 લાખ અને અને SCW-15 વહીવટી ગ્રાંટ માટે રૂ.૨૫૩.૫૫ લાખની આયોજન સદરે ચાલુ બાબત તરીકે બજેટ જોગવાઈ થયેલ છે.

વંચાણે લીધેલ ક્રમાંક:(૨) પરના વિભાગના તા.03/૦૯/૨૦૨૧ ના ઠરાવથી ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગરને વર્ષ ૨૦૨૧-૨૨ માટે સફાઈ કામદારો અને તેમના આશ્રિતોના પુન: સ્થાપન (પુજ્ય ઠક્કરબાપા આવાસ યોજના(SCW-12) હેઠળ થયેલ રૂ.૧૩00.00 લાખની જોગવાઈ સામે રૂ.૬૫0.00 લાખ તેમજ વહીવટી ગ્રાંટ (SCW-15) માટેની રૂ.૨૫૩.૫૫ લાખની જોગવાઈ પૈકી રૂ.૧૨૬.૭૭૫ લાખની પ્રથમ અને દ્વિતિય ત્રિમાસિક ગ્રાંટની ફાળવણી કરવામાં આવેલ હતી.

વંચાણે લીધેલ ક્રમાંક: (૩) પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૧૬/૧૧/૨૦૨૧ ના પત્રથી નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માં જોગવાઇ થયેલ રકમ પૈકી બાકી ગ્રાંટ ફાળવવા માટે મંજૂરી આપવા દરખાસ્ત કરેલ છે. .

ઠરાવ:

નિયામકશ્રી. અનુસુચિત જાતિ કલ્યાણની ઉક્ત દરખાસ્ત અન્વયે ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમની વર્ષ ૨૦૨૧-૨૨ માટે સફાઈ કામદારો અને તેમના આશ્રિતોના પુન: સ્થાપન (પુજ્ય ઠકકરબાપા આવાસ યોજના(SCW-12) હેઠળ થયેલ રૂ.૧૩૦૦.૦૦ લાખની જોગવાઈ સામે બાકીની રૂ.૬૫૦.૦૦ લાખ તેમજ વહીવટી ગ્રાંટ (SCW-15) માટેની રૂ.૨૫૩.૫૫ લાખની જોગવાઈ સામે બાકીની રૂ.૧૨૬.૭૭૫ લાખની વહીવટી મંજૂરી નીચેની શરતોને આધિન આપવામાં આવે છે.

શરતો:

(૧) સને ૨૦૨૧-૨૨ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં રહી ખર્ચ કરવાનો રહેશે.

(૨) જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી છે, તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા નિયમો મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) વર્ષના અંતે, જો કોઇ બચત રહે તો, તે પરત કરવાની રહેશે.

(૫) નિગમે હવે પછીની ગ્રાન્ટ છુટી કરવાની દરખાસ્ત સાથે જે-તે માસનાં અગાઉના માસના ખર્ચનું માસવાર વિગતવાર પત્રક દરખાસ્ત સાથે રજુ કરવાનું રહેશે.

આ અંગે થનાર ખર્ચ વર્ષ: ૨૦૨૧-૨૨ના અંદાજપત્રમાં માંગણી નંબર-૯૫,૨૨૨૫-૦૧-૧૦૨-૦૨-SCW-12 અને માંગણી નંબર-૯૫,૨૨૨૫-૦૧-૧૯૦-૦૨- SCW-15 હેઠળ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર તા.૨૨/૧૧/૨૦૨૧ની અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( ડૉ. રાજેશ આર. બલદાણિયા )
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧ સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સંયુકત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ૪/૨,ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- મેનેજીંગ ડિરેકટરશ્રી, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, કર્મયોગી ભવન,બ્લોક-૧, બી-૧ વીંગ ત્રીજો માળ, સેકટર-૧૦/એ, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રીની કચેરી, અમદાવાદ/ રાજકોટ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી ( હ, જ, ક, ) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કોમ્પ્યુટર સેલ, સા.ન્યા અને અધિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગરને વેબ સાઇટ પર મુકવા વિનંતી સહ
- સિલેક્ટ ફાઇલ.